Amul
The Taste of India
મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૩ | વર્ષ - ૫ | ઓક્ટોબર - ૨૦૨૫ (સળંગ અંક : ૫૧)

## કોઈ પુછે કે ; તમે શું આપ્યું છે ?

# વધારે નહીં ...
# અમે પરસેવાને ગંગાજળનું રૂપ આપ્યું છે



છેલ્લા 4 વર્ષમાં સંઘના દૂધ ઉત્પાદકોને એક કિલો દૂધના 11.99 રુપિયા વધારે આપી શક્યા છીએ

છેલ્લા 4 વર્ષમાં દૂધના ભાવોમાં થયેલ વધારાના કારણે પશુપાલકોને ₹ 2564 કરોડનો ફાયદો થવા પામ્યો છે

GST માં ઘટાડો થવાથી અમૂલના 700 થી વધુ ઉત્પાદનોના ભાવોમાં ઘટાડો થયો (અશોક ચૌધરી)

મક્કમ રીતે પશુપાલકો અને ખેડૂતોના પડખે ઉભા રહેનાર ભારતના પ્રધાનમંત્રીશ્રીને અમૂલની 75 લાખ બહેનો આભાર પત્ર લખશે

# મનમાં રાખી છે સાચી નિષ્ઠા, અને હૈયે છે હિંમત
# સાચા રસ્તે ચાલીને, અમે જીત્યા છીએ પશુપાલકોના મન



મહેસાણા દૂધસાગર ડેરીની જવાબદારીમાંથી સ્વ. મોતીબાપુના નિવૃત થયા બાદ એક ભયંકર શૂન્યાવકાશ સમગ્ર દૂધ સંઘના કાર્યક્ષેત્રને ઘેરી વળ્યો હતો. લાખો પશુપાલકોની જીવન આધાર એવી આ ડેરી કોઈ પ્રામાણિક નેતૃત્વની ઝંખના કરી રહી હતી. ભવ્ય ભૂતકાળ અને અસ્તવ્યસ્ત બનેલા વર્તમાનને ઉજળા ભવિષ્યની અપેક્ષા હતી. અને, લાખો લોકોની વેદનાએ જ્યારે પ્રાર્થનાનું રુપ લીધું ત્યારે, ઈ.સ. 2020ની ચૂંટણીમાં શ્રી અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ અસ્તિત્વમાં આવેલી પરિવર્તન પેનલે ભવ્ય વિજય મેળવી આ ભવ્ય અને દિવ્ય દૂધસાગરના વારસાને સંભાળ્યો. **કરકસર-પ્રામાણિકતા-પશુપાલકોના પરસેવાનું સાચુ મૂલ્યાંકન કરતાં દૂધના ભાવ આપીશું તેવા બધા વચનો સાથે વર્તમાન નિયામક મંડળ વિતેલા સાડા ચાર વર્ષથી અઢી જીલ્લાના પશુપાલકોની આ સહિયારી સંસ્થાને સંભાળી રહ્યું છે. ત્યારે, આ નિયામક મંડળના શાસનના પાંચ વર્ષ પૂર્ણ થવાના આરે છે ત્યારે મહેસાણા-પાટણ અને ગાંધીનગરના લાખો પશુપાલકોને એ જાણવાનો પૂર્ણ અધિકાર છે કે; દૂધસાગર રુપી દિવાનું અજવાળું તેમના આંગણે કેટલું પથરાયું ?**

આજ પ્રશ્નનો પ્રામાણિક જવાબ શોધવા, અને દૂધસાગર પત્રિકા તરીકે ડેરી સાથે જોડાયેલા લાખો પશુપાલકોનું સાચું પ્રતિનિધિત્વ નિભાવવાના ધર્મ સાથે અમોએ દૂધસાગરના વિવિધ વિભાગોના અધિકારીઓ પાસેથી વિતેલા ચાર વર્ષની સંઘ અને સરકાર દ્વારા પ્રામાણિત થયેલા આંકડાઓના આધારે વિવિધ વિષયો ઉપર સચોટ અને શત્ પ્રતિશત સાચી વાતો અમારા વાંચકો સમક્ષ મુકવાનો પૂર્ણ જવાબદારી સાથે નિષ્ઠાવાન પ્રયત્ન કર્યો છે. જે આવનાર અંકોમાં પણ આપ દસ્તાવેજી પુરાવા સાથે અમારા વાંચકો સમક્ષ મુકતા રહીશું.

### વહીવટીય કરકસરનું ઉત્તમ ઉદાહરણ

મહેસાણા દૂધ સંઘમાં કરકસરના ઉત્તમ ઉદાહરણરુપ ઓનલાઈન રીવર્સ ઓક્શનવાળી ટેન્ડર પધ્ધતિ દાખલ કરવાથી મોંઘવારી વધવા છતાં છેલ્લા ત્રણ વર્ષથી સાગરદાણના ભાવ એક સમાન રાખી શક્યા છીએ.


### પ્રામાણિકતાનું પરિણામ

2021ના વર્ષથી નિયામક મંડળ દ્વારા રાખવામાં આવતી નૈતિક આચાર સહિતા ના પરિણામે છેલ્લા ચાર વર્ષમાં મહેસાણા દૂધ સંઘ સાથે જોડાયેલા લાખો પશુપાલકોને અગાઉની સરખામણીમાં પ્રતિ એક કિલો દૂધના 11.99 રુપિયા આજે વધારે મળી રહ્યા છે.

### પશુપાલક પ્રથમ

2021 થી 2025 ની આ ચાર વર્ષની યાત્રા દરમિયાન સમયાંતરે વધારવામાં આવેલા દૂધના ભાવોને પરિણામે મહેસાણા દૂધ સંઘના પશુપાલકોને રુપિયા 2564 કરોડ નો ફાયદો થયો છે. જે સાબિત કરે છે કે; આજની દૂધસાગરમાં પશુપાલકને પ્રથમ માનવામાં આવ્યો છે.

# છેલ્લા ચાર વર્ષ દરમિયાન મહેસાણા દૂધ સંઘના પશુપાલકોને પ્રતિ કિલોએ ચૂકવાયેલા ભાવ એ સાબિત કરે છે કે; પશુપાલક એ ડેરીનો અંતર આત્મા છે !




**વિતેલા છેલ્લા ચાર વર્ષ દરમિયાન દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો દૂધના ચૂકવાયેલ ભાવના વધારાના પરિણામે દૂધસાગરના પશુપાલકોને ₹. 2564,73,28,868 વધુ મળવા પામ્યા છે.**

Amulના 75 લાખ પશુપાલકો લખશે

# THANK YOU MODIJI





ભારતના વિશાળ બજારમાં પોતાની ખેતપેદાશો તથા દૂધ અને દૂધની બનાવટો વેચાણ કરવા માટે વિશ્વના અનેક દેશો લાલચુ નજર રાખી રહ્યા છે ત્યારે , તાજેતરમાં ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર મંચ ઉપરથી દેશના ખેડૂતો અને પશુપાલકોના ભવિષ્યના ભોગે કોઈપણ દેશ સાથે - કોઈપણ કિંમતે સમાધાન નહીં કરવાની મક્કમતા દર્શાવતાં દેશના કરોડો ખેડૂતો અને પશુપાલકોમાં ખુશહાલી જોવા મળી રહી છે. આ સાથે, મોદીજીએ પોતાના કાર્યકાળ દરમિયાન કિસાન સન્માન નિધી યોજના, ઉજ્જવલા યોજના, આયુષ્યમાન ભારત યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, લખપતિ દીદી યોજના જેવી અનેક યોજનાઓ થકી દેશની ગરીબ અને મધ્યમ વર્ગીય મહિલાઓને ઉજ્જવળ અને સન્માન જનક જીવન આપવાનું ભગીરથ કાર્ય કર્યુ છે ત્યારે દેશની સૌથી મોટી સહકારી સંસ્થા અમૂલ સાથે જોડાયેલી 51 લાખ પશુપાલક બહેનો પ્રધાનમંત્રીશ્રીના જન્મદિવસથી પોસ્ટ કાર્ડ લખી મોદીજીનો આભાર પ્રગટ કર્યો. આ અભિયાનની શરુઆત કરાવતાં મહેસાણા દૂધસાગર તથા અમૂલના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરીએ મહેસાણા જીલ્લાના ઉંઝા તાલુકાના ભાંખર મુકામે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત પશુપાલક બહેનોની હાજરીમાં આ અભિયાનની શરુઆત કરાવી હતી.

# માણસની જેમ પશુઓને પણ સ્વાદિષ્ટ ભોજન ભાવે છે

# દૂધાળાં પશુઓને ખાણ-દાણ માત્ર નીરી દેવાથી નહી ચાલે, તેને સ્વાદિષ્ટ પણ બનાવો



માનવીના આહાર માટેનું અનાજ ગમે તેટલું શુધ્ધ હોય કે તેમાં વિવિધતા પણ હોય છતાં પણ જ્યારે ભોજન માટે કોઇ વાનગી બનાવવાની હોય ત્યારે ગૃહિણી અથવા તો સારા રસોઇયા રસોઇને સ્વાદિષ્ટ બનાવવા માટે ભારે મથામણ કરતા હોય છે. ત્યારે જ, એ આહાર જ્યારે ભોજન સ્વરુપે આપણે આરોગીએ ત્યારે તે અમી ઓડકારની સાથે આપણા શરીરને સંતોષ સાથે વધારે પોષણ આપતો હોય છે.

પશુઓ માટે જે ખાણ-દાણનો ઉપયોગ પશુપાલકો કરતા હોય છે તેમાં મોટા ભાગના પશુપાલકો પશુઓને નિરવાનું ખાણ-દાણ મહદ્ અંશે કોઇ વિશેષ પ્રક્રિયા વિના જ નીરી દેતા હોય તેવું બનવાની સંભાવના વધારે છે. જેમ સારી ખેતી માટે કૃષિ વિજ્ઞાનને અનુસરવું જરુરી હોય છે, તેમ પશુપાલન અને ખાસ તો તેમની આહાર વ્યવસ્થાનું પણ એક ચોક્કસ વિજ્ઞાન છે. મોટા ભાગના પશુપાલકો આ વિજ્ઞાનને કદાચ સમજતા નહી હોય, પણ જ્યારે ખાણ-દાણ પશુઓને નિરવામાં આવે ત્યારે તેમાં ઘણી બધી બાબતોની તકેદારી રાખવી જોઇએ.

## સૂકી પ્રક્રિયાઓ (ડ્રાય પ્રોસેસિંગ)

**ભરડવું :** ઝીણા દાણા જેવા કે બાજરી, જુવાર તેમજ હલ્કા ધાન્ય વગેરે પશુઓને આખા ખવડાવવાથી તેમાંથી પોષકતત્વો ઓછા મળે છે કારણ કે, આવા દાણા ઉપરના કઠણ આવરણના કારણે તેના પર પાચક રસોની અસર ઓછી થાય છે અને તે પચ્યા વગર છાણ વડે બહાર નીકળી જાય છે. તેથી તેને પશુઓને આપતાં પહેલાં ભરડવા જોઇએ. ભરડવાથી આ અનાજનો ભૂક્કો થઇ જાય છે. આમ, તેમાં રહેલ પોષકતત્વો પર પાચક રસોની ક્રિયા થવાથી તે સહેલાઇથી પચી શકે છે અને પશુઓને વધુ પોષણતત્વો મળવાથી તેમની દૂધ ઉત્પાદન ક્ષમતામાં વધારો જોવા મળે છે. ખાણ-દાણને ઝીણું લોટ જેવું દળવું સલાહ ભરેલ નથી કારણ કે, આવું દાણ પાચન નળીમાંથી ઝડપથી પસાર થતું હોઇ તેની પાચ્યતા ઓછી થાય છે. તેમજ પશુઓના જઠરમાં ચાલતી ચયાપચયની ક્રિયાઓમાં અવરોધ ઉત્પન થવાથી પશુઓને દૂધ ઉત્પાદન તેમજ તંદુરસ્તી ઉપર માઠી અસર પડે છે.

## સૂકા દાણાને તોડવા અથવા રોલીંગ કરવું

આ પધ્ધતિમાં દાણાને ફિક્સ કરેલા સ્ટીલના બે રોલર વચ્ચેથી પસાર કરાય છે. આ રોલરની લાંબી ધરી પર ખાંચા રાખવામાં આવે છે. આ પધ્ધતિમાં દાણા તૂટતા હોઇ તેનું કદ દળવા કરતાં મોટું હોય છે અને આવા તૂટેલા દાણા વાગોળતાં પશુઓને વધુ ભાવે છે. ઉપરાંત તેનું કદ મોટું થવાથી તે પશુઓના પાચન માર્ગમાંથી ઝડપથી પસાર થતા નથી, જેથી પાચન સારી રીતે થાય છે.

## દાણાની ધાણી બનાવવી (પોપીંગ)

આ પ્રક્રિયામાં માણસો જે રીતે ધાણીનો ઉપયોગ કરે છે, તે રીતે જ દાણા પર પ્રક્રિયા કરી તેને ફુલાવવામાં આવે છે. આ પધ્ધતિમાં દાણા પર ઝડપી સૂકી ગરમીની પ્રક્રિયા કરવાથી તે અચાનક ફુલી જાય છે અને તેનું ભ્રૂણ પણ તૂટી જાય છે. દાણાની ઘનતા ઓછી થવાથી તેના સંગ્રહ માટે જગ્યાની જરુરિયાત વધી જાય છે. આ પ્રક્રિયામાં દાણા તૂટવાથી સ્ટાર્ચ છૂટો પડતો હોવાથી તેની પાચ્યતા વધી જવાની શક્યતા રહે છે.

## દાણાની ધાણી બનાવવી (પોપીંગ)

આ પ્રક્રિયામાં માણસો જે રીતે ધાણીનો ઉપયોગ કરે છે, તે રીતે જ દાણા પર પ્રક્રિયા કરી તેને ફુલાવવામાં આવે છે. આ પધ્ધતિમાં દાણા પર ઝડપી સૂકી ગરમીની પ્રક્રિયા કરવાથી તે અચાનક ફુલી જાય છે અને તેનું ભ્રૂણ પણ તૂટી જાય છે. દાણાની ઘનતા ઓછી થવાથી તેના સંગ્રહ માટે જગ્યાની જરુરિયાત વધી જાય છે. આ પ્રક્રિયામાં દાણા તૂટવાથી સ્ટાર્ચ છૂટો પડતો હોવાથી તેની પાચ્યતા વધી જવાની શક્યતા રહે છે.

## ભેજવાળી પધ્ધતિઓ (વેટ પ્રોસેસિંગ)

**પલાડવું/રાંધવું/બાફવું :** પલાળવા, રાંધવા અને બાફવાથી પણ ખાણ-દાણની પોષક ગુણવત્તા વધી જાય છે. પશુપાલકો સામાન્ય રીતે અમુક પ્રકારના ખાણ-દાણને પલાળી અથવા બાફીને પશુઓને ખવડાવતા હોય છે. ખાણ-દાણ જેવા કે; બાજરી, જુવાર, મકાઇ વગેરેને ભરડીને આપવા જોઇએ અથવા બાફીને આપવા જોઇએ.

## પશુઓની પાચ્યતા વધારવાની રીત

ઝીણા બાજરી જેવા દાણા પશુઓને ખવડાવવાથી તે મોટે ભાગે છાણ વડે પચ્યા વગર નીકળી જાય છે અને પશુઓને તેના પોષકતત્વોનું લાભ મળતો નથી. આવા આહારને દળવો સહેલો નથી તેથી પલાળી, બાફીને ખવડાવવાથી સહેલાઇથી પચે છે. આવા દાણાને 12 થી 24 કલાક સુધી પાણીમાં પલાળવાથી પશુ તેને હોંશે હોંશે ખાય છે તેથી તેની પાચ્યતા વધે છે. →

પશુઓને ખવડાવતાં પહેલાં રાયડાખોળ, અળસીખોળ, પાણીમાં પલાળવાથી તેમાં રહેલ H.C.N. ની ઝેરી અસર નિવારી શકાય છે. બીજી બાજુ - બટાકા, સોયાબીન અને વાલના દાણાને બાફવાથી તેની પાચ્યતા વધે છે અને તેમાં રહેલ નુકસાનકારક તત્વો નાશ પામે છે. માટે પશુઓને પોષક તત્વો મળતાં હોઈ તેમની દૂધ ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે.

## સ્ટીમ રોલીંગ

રોલીંગમાં દાણાને બે રોલર વચ્ચેથી પસાર કરાવવાથી દાણા દબાઈ જાય છે અને તૂટી જાય છે. જ્યારે સ્ટીમ રોલીંગ આ દાણાને રોલર વચ્ચેથી પસાર કરતાં 8 થી 10 મિનિટ સુધી વરાળ પ્રક્રિયા કરવાથી તે ચપટા થઈ જાય છે. આવું દાણ પશુઓના નાના બચ્ચાઓ માટે કે જેના દાંત વિકસ્યા ન હોય અથવા ઘરડા પશુઓ માટે ઘણા ઉપયોગી છે. આવી પ્રક્રિયા કરેલ દાણ પશુઓને ખૂબ ભાવે છે અને તે સહેલાઈથી ખાઈ શકે છે તથા તેનું સારી રીતે પાચન કરી શકે છે.

## ટીકડી તૈયાર કરવી

દાણને દળ્યા પછી તેના પર વરાળની પ્રક્રિયા કર્યા બાદ અથવા તેના વગર પણ ગોળની રસી ભેળવી શક્તિના ઉપયોગ વડે ડાઈમાંથી પસાર કરાવાય છે. આમ, દાણના ભૂકામાંથી ટીકડી બનાવી શકાય. ટીકડી બનાવવાથી દાણની પાચ્યતા વધે છે. તેમજ, દાણ મિશ્રણ ખાતી વખતે ઉડતી રજકણોમાં ઘટાડો થાય છે. દાણ મિશ્રણને ટીકડીના રુપમાં વાપરવાથી તેનો બગાડ અટકે છે અને તેને પશુઓને ખવડાવવામાં અનુકુળતા રહે છે. ટીકડીથી દાણને સંગ્રહ કરવા માટે ઓછી જગ્યાની જરુરિયાત રહે છે. ટીકડી બનાવવાથી દાણની કિંમતમાં 10% જેટલો વધારો થાય છે. પરંતુ, તેની સામે દાણમાં ભેળસેળની શક્યતા ઓછી કરી છે. ટીકડી ખવડાવવાથી પશુઓની દૂધ ઉત્પાદન ક્ષમતામાં વધારો થવાથી ટીકડી બનાવવાનું સરવાળે નફા કારક નીવડે છે.

## સૂકા-લીલા ચારાનું મહત્વ

આપણે દૂધસાગર પત્રિકાના ઉપરોક્ત લેખમાં જોયું કે, ઘાસચારા તથા ખાણ-દાણ ઉપર જુદી જુદી પ્રક્રિયાઓ કરી, તેની પોષણ ગુણવત્તા વધારવાના પ્રયત્નો કરવામાં આવે તો આપણા દૂધાળાં પશુઓ માટે તે ઉત્તમ બનવાની સાથે છેવટે દૂધ ઉત્પાદકને જ ફાયદો કરાવી આપે છે. ત્યારે ઘાસચારાની વાત કરીએ તો સૂકો અને લીલો ઘાસચારો પશુઓને આખો આપવાની જગ્યાએ તેના ટુકડા કરીને આપવો જોઈએ. એકલો સૂકો અથવા એકલો લીલો ચારો ખવડાવવા કરતાં લીલા-સૂકા ઘાસચારાનું મિશ્રણ કરીને પશુઓને ખવડાવવાથી ઘાસચારાનો બગાડ અટકાવવાની સાથે લીલા-સૂકા ઘાસચારાનું આ અથાણું પશુઓની પોષણ ગુણવત્તા વધારવામાં મહત્વનો ભાગ ભજવે છે. પશુપાલકો સહેલાઈથી આ પ્રકારના ખાણ-દાણની વ્યવસ્થા પોતાના ફાર્મ, વાડા કે તબેલામાં ઉભી કરી સારો ખોરાક પશુઓને આપી ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન મેળવી શકે છે.

દૂધસાગર ડેરી સાથે સંકળાયેલા જાગૃત પશુપાલકોએ જાણવું જોઈએ કે; પશુઓને અપાતા ખોરાક ઉપર સામાન્ય પ્રક્રિયાઓ કરીને પણ દૂધ ઉત્પાદન વધારી શકાય છે. આ સાથે પશુઓને મળતી શક્તિની માત્રામાં 25 થી 50% સુધીનો વધારો કરી શકાય છે જેથી કરી આપણા પશુઓ તંદુરસ્તી રહેવાની સાથે સાથે ગુણવત્તા યુક્ત વધુ દૂધ આપી આપણને પણ આર્થિક તંદુરસ્તી બક્ષે છે.

# NABARD દ્વારા Amul ના ચેરમેનશ્રી અશોક ચૌધરીનું સન્માન




તાજેતરમાં ગુજરાતના તમામ 18 દૂધ સંઘોના પ્રતિનિધિઓ દ્વારા સર્વાનુમતે ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) અમૂલના ચેરમેન પદની જવાબદારી સંભાળનાર દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીને ગરીમા પૂર્ણ નિયુક્તિને વધાવતાં અમદાવાદ ખાતે NABARD ની ગુજરાત રાજ્યની મુખ્ય શાખા ખાતે સંસ્થાના CGM શ્રી બી. કે. સિંગલજી અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા વિશાળ પુષ્પ ગુચ્છ સાથે તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તબક્કે; નાબાર્ડ અને અમૂલ સાથે મળી રાષ્ટ્ર નિર્માણમાં કેવી રીતે વધુમાં વધુ ઉત્તમ ભૂમિકા નિભાવી શકે તે અંગે સંવાદ કર્યો હતો.

# ભારતરત્ન ડૉ. વર્ગીસ કુરીયનની પુણ્યતિથી નિમિત્તે અમૂલ વંદના




ભારતમાં શ્વેત ક્રાંતિના જનક અને સ્વ. ત્રિભુવનદાસ પટેલ સાથે ખભે ખભો મિલાવી ગજવેલની જેમ ઉભા રહી પોતાના જ્ઞાન અને શરીરને ભારતની સહકારીતા માટે ખપાવી દેનાર ભારતરત્ન ડૉ.વર્ગીસ કુરીયનજીની ગત તા. 9 સપ્ટેમ્બરના રોજ પુણ્યતિથી નિમિત્તે આયોજીત સ્મૃતિ વંદનાના ભાગરુપે અમૂલના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી અને વાઈસ ચેરમેનશ્રી ગોરધનભાઈ ધામેલીયાએ અમૂલના ઉચ્ચ અધિકારીઓ સાથે અમૂલ ફેડરેશન ડેરી (ગાંધીનગર) ખાતે ડૉ.વર્ગીસ કુરીયનની પ્રતિમાને પુષ્પાંજલી કરી પોતાના શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા. આ તબક્કે; શ્રી અશોક ચૌધરીએ આ મહાત્માને સતત નજરમાં રાખી અમૂલને આગળ વધારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## ભારત સરકારના સહકારીતા સચિવ દૂધસાગરની મુલાકાતે




તાજેતરમાં મહેસાણા દૂધસાગર ડેરી ખાતે ભારત સરકારના સહકારીતા વિભાગના સચિવશ્રી આશિષકુમાર ભુટાની તથા NCDCના MDશ્રી પંકજકુમાર બંસલ અને કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારીઓએ મુલાકાત લીધી હતી.

પોતાના સ્વાદ અને સુગંધથી વિશ્વમાં નામાંકિત થયેલી દૂધસાગર ડેરીની વર્તમાન કાર્યપધ્ધતિથી આ બંને મહાનુભાવોએ પોતાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. આ તબક્કે સંસ્થાના ચેરમેનશ્રી તથા ડેરીના ઉચ્ચ અધિકારીઓ સાથે તેઓએ નવિન પાવડર પ્લાન્ટ તથા UHT મિલ્ક પ્લાન્ટની મુલાકાત કરી ડેરી ક્ષેત્રમાં થયેલ આમૂલ પરિવર્તનો અને નવી ટેકનોલોજીથી ઉત્પાદિત થતા મૂલ્યવર્ધક દૂધ ઉત્પાદનો, તેના બજાર વિશે તથા આ પરિવર્તનથી ગ્રાહકોને ભવિષ્યમાં થનાર લાભાલાભ વિશે જાણકારી મેળવી હતી. અશોકભાઇ ચૌધરીએ ડેરી વતીથી આ બંન્ને મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું.

## પંચામૃત ડેરી ગોધરા ખાતે સહકારનો સેમિનાર યોજાયો




ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે સતત પ્રયત્નશીલ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને દેશના ગૃહ તથા સહકારીતા મંત્રીશ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શન હેઠળ સહકાર થી સમૃદ્ધિ અને વિકસીત ભારતમાં સહકારની ભૂમિકા સૂત્રને સાર્થક કરવા ગામડાઓની સહકારી મંડળીઓને મજબૂત બનાવવા માટે વર્તમાન સમયે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અથાગ પ્રયત્નો થઇ રહ્યા છે. જેના ભાગરુપે ગોધરા પંચામૃત ડેરી ખાતે આયોજિત એક કાર્યક્રમમાં પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની ઉત્કૃષ્ટ કામગીરી કરતી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ અને FPOનો સેમિનાર અને સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં, ગુજરાત રાજ્યના સહકારીતા મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, અમૂલ અને દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરી અને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ અને નાફેડ તથા પંચામૃત ડેરીના ચેરમેનશ્રી જેઠાભાઇ ભરવાડ ઉપસ્થિત રહ્યા હતા.

## દૂધ સંઘના તમામ વિભાગોમાં સહકાર ક્ષેત્રનું મનોમંથન થયું






ભારત સરકાર અને ગુજરાતની રાજ્ય સરકાર દ્વારા હાલમાં, સહકાર ક્ષેત્રને વધુ સશક્ત બનાવવા કેન્દ્રિય ગૃહ તથા સહકારીતા મંત્રીશ્રી અમિતભાઇ શાહ અને રાજ્ય સરકારના સહકારીતા મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા દ્વારા અભૂતપૂર્વ અભિયાન ચાલી રહ્યું છે. ગામડાની સહકારી મંડળીઓને વધારે સુસજ્જ કરવા માટેના આ યજ્ઞમાં ભાગ લેતાં, મહેસાણા દૂધસાગર ડેરી દ્વારા પોતાના કાર્યક્ષેત્રના તમામ વિભાગો જેવાકે; મહેસાણા, કડી, વડનગર, સતલાસણા, પાટણ અને ખેરાલુ ખાતે સહકાર થી સમૃદ્ધિના વૈચારિક મનોમંથન થયા હતા.

## ગાંધીનગર ખાતે સમૃદ્ધ ડેરી એક્સ્પો યોજાયો ડેરી ક્ષેત્રના નવા સંશોધનો પ્રદર્શનમાં મૂકાયા






ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે તાજેતરમાં, 14મો એગ્રી એશિયા અને 13મો ડેરી, લાઇવ સ્ટોક એન્ડ પોલ્ટ્રી એક્સ્પો એશિયા 2025નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના તમામ સહકારી આગેવાનોએ આ એક્સ્પોની મુલાકાત લીધી હતી. ખેતીવાડી ક્ષેત્ર, ડેરી વિભાગ અને પોલ્ટ્રી ક્ષેત્ર સાથે સંકળાયેલા હજારો લોકોએ આ એક્સ્પોથી નવા વૈજ્ઞાનિક સંશોધનોની રુબરુ જાણકારી મેળવી હતી. આ એક્ઝિબિશનથી ખેડુતો, ઉદ્યોગકારો અને સહકારી ક્ષેત્રને નવી ટેકનોલોજી, મશીનો અને નવા ઉત્પાદનો સાથે વિશ્વ સાથે કદમ મિલાવવાની જાણકારી પ્રદાન થશે અને ઉત્પાદન ક્ષમતા તથા ગુણવત્તામાં વૃદ્ધિ થશે તેવો શ્રી અશોક ચૌધરીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

સંવેદનશીલ સરકાર

# જીએસટીમાં ઘટાડાથી લોકો ખુશખુશાલ



**દેશમાં** નવરાત્રીના પહેલા દિવસથી GST ના નવા સ્લેબ અમલમાં આવી ગયા છે. તેને કારણે જીવન જરુરી તમામ ચીજવસ્તુઓના ભાવમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો છે. લોકો પણ ભાવમાં ઘટાડાની આ અસર અનુભવી રહ્યા છે. મોટાભાગની ચીજવસ્તુઓમાં પ્રતિવર્ષ સતત થઈ રહેલા ભાવ વધારાના સંજોગોમાં પહેલીવાર લોકોને ભાવ ઘટાડાની ખુશી અનુભવાઈ રહી છે. અસંખ્ય ચીજવસ્તુઓ એવી છે કે જેને લોકો રોજ ખરીદે છે. તેમાં દૂધ-બ્રેડ, માખણ, પનીર સહિતની ચીજ વસ્તુઓનો સમાવેશ થાય છે. વડાપ્રધાને GSTમાં આ ઘટાડાને બચત ઉત્સવનું નામ આપ્યું છે. નવરાત્રી અને ત્યારપછી દિપાવલીના તહેવારોને અનુલક્ષીને લોકોની ભાવનાને સીધી અસર કરે તેવો પ્રયાસ તેમાં દેખાય છે. આ ઘટાડાનો ફાયદો ગરીબ અને મધ્યમ વર્ગ બન્નેને સૌથી વધારે થઈ રહ્યો છે. તેઓ વાસ્તવમાં દૈનિક ખર્ચમાં પૈસાની બચતને નિહાળી રહ્યા છે. રોજિંદી વપરાશની ચીજ વસ્તુઓમાં દૂધ-બ્રેડ ઉપરાંત લોટ, દાળ, શાકભાજી જેવી ચીજ વસ્તુઓ લોકોને રોજ ખરીદવી પડે છે. GSTમાં સુધારાથી 99% રોજિંદા વપરાશની વસ્તુઓના ભાવ ઘટી ગયા છે.

કેટલીક વસ્તુઓને 12% ના GSTમાંથી 5%ના સ્લેબમાં મૂકવામાં આવી છે. તો અસંખ્ય ચીજ વસ્તુઓ એવી છે કે જેની ઉપર શૂન્ય GST લાગુ થયો છે. એટલે કે તેને GSTમાંથી બાકાત કરવામાં આવી છે. અનેક રાજ્યોમાં રસોઈમાં લોકો ડેરી પ્રોડક્ટનો ઉપયોગ કરે છે. તેમાં માખણ મહત્વની ચીજ છે. નવા GST દર લાગુ થતાં પાંચસો ગ્રામ માખણ જે 305 રુપિયામાં મળતું હતું તે હવે 285માં મળે છે. એજ રીતે ઘીને બાર ટકામાંથી પાંચ ટકાના સ્લેબમાં મુકાયું છે. આથી એક લિટર ઘીના 650 રુપિયાને બદલે 610 રુપિયા ભાવ થઈ ગયા છે. આઈસ્ક્રિમ, બ્રેડ, પાસ્તા, કોર્ન ફ્લેક્સ, નૂડલ્સ જેવી ચીજ વસ્તુઓ પણ જે અત્યાર સુધી બારથી અઢાર ટકાના સ્લેબમાં હતી તે હવે પાંચ ટકાના સ્લેબમાં આવી ગઈ છે. એજ રીતે બિસ્કીટ અને નમકીન પણ પુષ્કળ પ્રમાણમાં ખવાય છે. એ બધાને પણ પાંચ ટકાના સ્લેબમાં મૂકાયા છે. બિસ્કીટ તો અગાઉ અઢાર ટકાના સ્લેબમાં હતું. એજ રીતે રોજિંદી વપરાશના સાબુ, શેમ્પુ અને તેલ જેવી ચીજ વસ્તુઓ અઢાર ટકાને બદલે, પાંચ ટકાના સ્લેબમાં પહોંચી ગઈ છે. આવી જ સ્થિતિ ચોકલેટ અને મીઠાઈઓમાં થઈ છે. બીજી બાજુ બાળકોના વપરાશની પેન્સિલ, રબર, નોટબુક વગેરે જેવી સ્ટેશનરી પણ હવે GSTમાંથી મુક્ત થઈ છે. એજ રીતે બાળકોની વપરાશની પ્રેક્ટિસ બુક, ગ્રાફ બુક, પ્રયોગશાળાની નોટબુકો વગેરે પણ શૂન્ય GSTમાં આવી ગયા છે. આ બધાને કારણે લોકોને રોજિંદી ખરીદીમાં બચત ઉપરાંત લોકોના માસિક બજેટમાં પણ સારો એવો ઘટાડો જોવા મળી રહ્યો છે. તેનો આનંદ લોકોના ચહેરા ઉપર જોવાય છે. આવી રહેલા તહેવારોના દિવસોમાં લોકો અઢળક ખરીદી કરશે અને એ ખરીદી ઓછા ભાવે થવાને કારણે લોકો રાહત પણ અનુભવશે. અગાઉ GSTના પ્રથમ અમલીકરણ વખતે સમગ્ર દેશમાં દરેક ચીજ વસ્તુઓ ઉપર કરવેરાના સમાન દરને અમલમાં મૂકવામાં આવ્યા હતા. તે વખતે જે માળખુ નક્કી થયું હતું તેમાં દેશભરમાં વિવિધ સ્તરે ગુણાંકની રીતે ચીજ વસ્તુઓ ઉપર કરવેરા લેવામાં આવતા હતા, તેને સંમિલિત કરીને માળખુ તૈયાર કરવામાં આવ્યું હતું. એ પછી અનુભવે સમજાતુ ગયું તેમ લોકોની મુશ્કેલી સમજીને જીવનજરુરી ચીજ વસ્તુઓના GST દરમાં ઘટાનો નિર્ણય લેવામાં આવ્યો છે. GSTના આ ઘટાડામાં ટુ-વ્હીલર અને ફોર વ્હીલરોનો પણ સમાવેશ કરવામાં આવતાં લોકો વાહન ખરીદીમાં ભારે ઘસારો કર્યો હતો. એક અહેવાલ અનુસાર GST ઘટાડાના પ્રથમ દિવસે જ દેશભરમાં કુલ ત્રીસ હજાર ફોર વ્હીલરની ડીલેવરી કરવામાં આવી હતી.

## પશુપાલન ખાતાના સેક્રેટરી અને NDDBના ચેરમેન અમૂલની મુલાકાતે



તાજેતરમાં અમૂલ ફેડરેશનના આણંદ મુખ્યાલય ખાતે ભારત સરકારના પશુપાલન ખાતાના સેક્રેટરીશ્રી નરેશકુમાર ગંગવાર અને NDDBના ચેરમેનશ્રી મિનેષભાઈ શાહે શુભેચ્છા મુલાકાત લીધી હતી. અમૂલના ચેરમેનશ્રી અશોક ચૌધરીએ ભાવ સભર સ્વાગત સાથે અમૂલની કામગીરી અને પશુપાલન અંગે ચર્ચા વિચારણા કરી હતી.

# N5 એટલે કે ડેરીનો પાંચમો પાવડર પ્લાન્ટ મતલબ

# પશુપાલકોને ફાયદો જ ફાયદો








**મહેસાણા** દૂધસાગર ડેરીની સ્થાપના સમયથી - જેતે સમયની જરુરિયાત મુજબ આપણા ત્યાં ઉત્પાદન અંગેની સુવિધાઓ અને મશીનરી વસાવવામાં આવતી રહી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીએ સતત બદલાતી પ્રક્રિયા છે. અને કોઈપણ ઉધોગ ધંધો તેની સાથે કદમતાલ મિલાવે અને પોતાને અપગ્રેડ કરે તો જ આ તીવ્ર હરિફાઈના સમયમાં ટકી શકાય તેમ છે. ઉપરોક્ત બાબતે, આપણી દૂધસાગર ડેરી પણ અપવાદ ના બની શકે આપણે પણ બદલાતા સમયની સાથે રુપ-રંગ અને આપણું વૈજ્ઞાનિક કલેવર બદલવું જ પડે અને તો જ, આપણા અસ્તિત્વને દુનિયા સમક્ષ આપણે મજબુતાઈથી મૂકી શકીએ.

પાવડર પ્લાન્ટની વાત કરીએ તો, N1 ની માનદ સંખ્યાથી શરુ કરીને આપણે N4 સુધીના 3 0 M T ના પાવડર પ્લાન્ટ ભૂતકાળમાં વસાવી ચૂક્યા છીએ. વર્ષો જૂના થયેલા આ પાવડર પ્લાન્ટ જે તે સમયે એની શ્રેષ્ઠતા સાથે સ્થાપિત થયા હશે પણ આજે ડેરી ક્ષેત્રમાં કોમ્પ્યુટર યુગનો પ્રવેશ થયા બાદ આમૂલ પરિવર્તનો આવી ચૂક્યા છે. અમૂલ ફેડરેશન સાથે જોડાયેલા અનેક દૂધ સંઘોએ 2001ના પ્રવેશ સમયથી જ પોતાને અપગ્રેડ કરવાનું શરુ કરી દીધુ હતું ત્યારે આપણે છેક 2025ના વર્ષમાં પહોંચી દૂધસાગરને વર્તમાન વિજ્ઞાન સાથે એટલે કે રોબોટિક સાયન્સથી સુસજ્જ કરવાનો સંકલ્પ સિધ્ધ કરી રહ્યા છીએ ત્યારે, આપણે સમજવું પડશે કે નજીકના ભવિષ્યમાં આ નવનિર્મિત પાવડર પ્લાન્ટ અને અન્ય નવા ઉત્પાદનો આપણને કેટલો બધો લાભ આપવાના છે!

આપણી પાસે અગાઉના ચાર પાવડર પ્લાન્ટ કે જેને; આપણે N1 થી N4 સુધીના ઓળખ નામ આપ્યા છે તે પ્રત્યેક પાવડર પ્લાન્ટની કેપેસીટી 30 MTની છે. આ રીતે જોઈએ તો, આ તમામ પાવડર પ્લાન્ટની ભેગી મળીને કુલ ક્ષમતા 120 મેટ્રીક ટનની થવા પામે છે. આપણે હાલમાં વસાવેલ કે જેણે N5 પાવડર પ્લાન્ટના નામે હવે ઓળખીશું તે એક માત્ર પાવડર પ્લાન્ટની કુલ ક્ષમતા 120 મેટ્રીક ટનની છે. આપણી પાસેના અગાઉના નાના નાના ચાર પાવડર પ્લાન્ટ જે તે સમયની સુવિધા ધરાવતા હતા પણ આજે વિશ્વએ વિજ્ઞાનમાં હરણફાળ ભરી હોવાથી આ નુતન પાવડર પ્લાન્ટ ઓછા ખર્ચે, ઓછા માણસોથી, શૂન્ય ટકા માલના બગાડ વગર અદભૂત પેકિંગ સાથે ઉત્તમ માલનું એટલે કે દૂધના પાવડરનું ઉત્પાદન કરશે. આપણી પાસે ભૂતકાળમાં દૂધના પાવડરના નાના પેકેટ બનાવવાની સુવિધા ન હતી. એ સંજોગોમાં આપણે પાવડરની મોટી મોટી બેગો જ બજારમાં વેચાણ અર્થે અમૂલને આપી શકતા હતા. N5 પાવડર પ્લાન્ટ પાસે આ સુવિધા ઉપલબ્ધ છે અને તેમાં પણ તેની સ્પીડ આજના સમયની સૌથી વધુ હોવાથી આપણે દૂધના પાવડરના ખૂબ મોટા પ્રમાણમાં વેચાતા મૂલ્યવર્ધક પેકિંગ વેચી શકીશું. જૂના પાવડર પ્લાન્ટોમાં જે તે સમયની ટેકનોલોજી હોવાથી દૂધને પાવડર સ્વરુપમાં ફેરવવાની પ્રક્રિયા વખતે હજારો કિલો પાવડર રોજે રોજ હવામાં ઉડી જતો હતો. નુતન N5 પાવડર પ્લાન્ટમાં વૈજ્ઞાનિકોએ આ સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ લાવી દીધો હોવાથી હવે આપણને દૂધને પાવડર ફોમમાં ફેરવતા 0 % બગાડ (વેસ્ટેજ) થશે. શિયાળામાં દૂધનું ઉત્પાદન વધી જતું હોવાથી આપણી ડેરી પાસે ઉપલબ્ધ જૂના પાવડર પ્લાન્ટ તમામ દૂધને પાવડરમાં રુપાંતરીત કરવા સક્ષમ ના હોવાથી આપણે ભાડાના ખાનગી પાવડર પ્લાન્ટોનો આશરો લેવો પડતો હતો. જેનાથી વાહન વ્યવહાર ખર્ચ પાવડર બનાવવાની મજૂરી બધુ મળી 11 લિટર દૂધમાંથી એક કિલો પાવડર મળતો જેનું કુલ ખર્ચ 50 રુપિયાથી વધુ પડતું હતું. દૂધસાગરના પોતાના જૂના પાવડર પ્લાન્ટોમાં પણ તેનો ખર્ચ 30 રુપિયાની આસપાસ રહેતો હતો. ત્યારે, N5 નુતન પાવડર પ્લાન્ટમાં તેનો ખર્ચ કુલ મળીને માત્ર 15 રુપિયા રહેશે. આમ ભાડાના પાવડર પ્લાન્ટ કરતાં આપણો પાવડર હવે 35 રુપિયા ઓછી કિંમતે અને ડેરીના જૂના પાવડર પ્લાન્ટની સરખામણીએ માત્ર 15 એટલે કે અડધો અડધ ઓછી કિંમતમાં તેનું ઉત્પાદન થશે. દૂધસાગર પત્રિકાના વાંચકોને જણાવતાં હર્ષ થાય છે કે આપણા આ N5 નવા પાવડર પ્લાન્ટનો સફળતા પૂર્વક ટ્રાયલ શરુ થઈ ગયો છે. જેમાં 29 જૂલાઈથી લઈને 25 સપ્ટેમ્બર સુધી ઈશ્વર કૃપાથી આપણને ખૂબ સફળતા પ્રાપ્ત થઈ રહી છે. જેમાં 11,50,000 કિલો દૂધમાંથી કુલ 180 મેટ્રીક ટન અમૂલ્ય પાવડર ઉત્પાદિત થયો છે અને 6,60,000 કિલો સ્કીમ્ડ મિલ્કમાંથી 65MT SMPનું સફળતા પૂર્વક ઉત્પાદન થયું છે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા